## સંક્ષિપ્ત સમાચાર

### હાલોલ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે ૯૦મી શિવ જયંતીનો આધ્યાત્મિક મહોત્સવ ઉજવાયો



હાલોલ : "શાંતિ સકળ સૃષ્ટિનો શણગાર અને માનવતાનું પરમ ઐશ્વર્ય" હાલોલ ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના કેન્દ્ર દ્વારા ૯૦મી શિવ જયંતીનો પાવન કાર્યક્રમ સાંજે ૦૭.૦૦ થી ૦૯.૦૦ દરમિયાન ભવ્ય આધ્યાત્મિક વાતાવરણમાં ઉજવાયો. પરમાત્મા શિવને સ્મરણ કરીને રાજયોગ ધ્યાન, આધ્યાત્મિક સંદેશો અને શાંતિના સ્પંદનો સાથે કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમ દરમ્યાન "ધ્યાન કરો પરમ પિતા કા વો સુખોં કા સાગર હૈ" ના દિવ્ય ધ્યાનગીત સાથે ઉપસ્થિત આત્માઓએ આંતરિક શાંતિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો. આ પ્રસંગે વડોદરા કેન્દ્રથી બીકે ડિમ્પલ દીદી, હાલોલ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિશાબેન દેસાઈ, ડો. રાજુભાઈ પંડ્યા તથા વોકમેન ઓફ ઈન્ડિયા ડો. રાજુ એમ. ઠક્કર વિશેષ ઉપસ્થિત રહ્યા. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું કે: "શાંતિ સકળ સૃષ્ટિનો શણગાર છે અને માનવતાનું પરમ ઐશ્વર્ય છે.

### રણધીકપુર મુકામે રોહિત સમાજ દ્વારા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ સુરેશભાઈ ચૌહાણનો સન્માન સમારંભ યોજાયો



સિંગવડ : દાહોદ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ સુરેશભાઈ ચૌહાણનો રોહિત સમાજ દ્વારા સન્માન સમારંભ યોજાયો, જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયા હતા, રોહિત સમાજના પ્રમુખ એવા સંતરામપુરથી ગનાભાઈ વાલાભાઈ ભૂનેતર, જેસાવાડા થી કિરણભાઈ ચાવડા, પૂર્વ પ્રમુખ દેવ ચંદભાઈ પરમાર, રમેશભાઈ સોલંકી તેમજ સમાજના આગેવાનો હાજરી આપી હતી, દેશની મોટામાં મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીમાં રોહિત સમાજ ને જિલ્લાનો પ્રમુખ નું સ્થાન મળવાથી મહીસાગર જીલ્લો પંચમહાલ જીલ્લો દાહોદ જિલ્લાના રોહિત સમાજના આગેવાન કાર્યકર્તાઓ જોડાયા હતા અને આભાર વ્યક્ત કર્યો હતો.

### કાલોલની બાકરોલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ NMMSની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ પરિણામ મેળવ્યા



કાલોલ : કાલોલ- રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચમાધ્યમિક શાળાઓમાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ નામની યોજના શિક્ષા મંત્રાલય ભારત સરકાર તરફથી અમલમાં મૂકવામાં આવેલ છે. અંતર્ગત કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકોના વિશેષ પ્રયત્નો થકી શાળાના દસ વિદ્યાર્થીઓ NMMS ની પરીક્ષામાં પાસ થયા છે. જેમાં શક્તિરાજ ગોહિલ, એકસો પંદર ગુણ, ઠાકોર પલકબેન એકસો અગિયાર ગુણ તેમજ પરમાર ભાવિનકુમાર એકસો સાત માર્ક્સ સાથે ઉત્કૃષ્ઠ પરિણામ મેળવી બાકરોલ પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું છે.

### ગરબાડા તાલુકાના નવા ફળિયા ગામે ચાલુ બાઇકમાં આગ ભભૂકી ઉઠી, ચાલકનો બચાવ



ગરબાડા : ગરબાડા તાલુકાના નવા ફળિયા ગામે ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ચાલતી મોટરસાયકલ અચાનક આગની લપેટમાં આવી ગઈ હતી. સદનસીબે ચાલકે સમયસર કૂદી જતાં તેનો ચમત્કારી બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ગરબાડાથી મધ્ય પ્રદેશ તરફ જઈ રહેલા એક યુવકની બાઈકમાં પેટ્રોલ લીકેજ થતા અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ ભભૂકતા જ ચાલકે ગભરાઈને મોટરસાયકલ પરથી કૂદકો માર્યો હતો, જેના કારણે તે ગંભીર ઈજાથી બચી ગયો હતો. જોતા જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાઈક સંપૂર્ણ રીતે બળી ને ખાખ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મોટરસાયકલ પર પાણી રેડી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલ આ બનાવમાં કોઈ જાનહાનિ સર્જાઈ ન હતી.

### દાહોદ-અમદાવાદ હાઇવે પર ગંભીર અકસ્માત સર્જાયો

# બેકાબૂ બનેલી કાર થાંભલા સાથે ભટકાઇ, ૩નાં મોત

**અકસ્માત** એટલો ભયાનક હતો કે એન્જિનના ટુકડા ઉછળીને ખેતરોમાં ફેલાયા

(પ્રતિનિધિ) લીમખેડા, તા.17

દાહોદ-અમદાવાદ હાઈવે પર ગંભીર અકસ્માત સર્જાયો હતો લીમખેડાના ઢઢેલા નજીક ટર્નિંગ પાસે કાર ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર બાદ વીજળીના થાંભલે સાથે અથડાતા ત્રણ લોકોના મોત થયા છે. અકસ્માત એટલો ગંભીર હતો કે લાશોને ટ્રેક્ટરથી ખેંચી બહાર કાઢવી પડી હતી.

કારનો ભુક્કો થયો હતો અને થાંભલાના પણ ટુકડા થઈ ગયા હતા અકસ્માત અંગે મળતી માહિતી મુજબ મહારાષ્ટ્ર પાસિંગની એક SUV કાર લીમખેડાના નજીક ઢઢેલા ટર્નિંગ પાસે ડિવાઈડર સાથે અથડાયા બાદ થાંભલે અથડાતા કારનો ભુક્કો બોલી ગયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે થાંભલાના પણ ટુકડા થઈ હતા. આ ગંભીર અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું છે.

મહારાષ્ટ્રના ત્રણ યુવકોના મોત મૃતકોની ઓળખ મહારાષ્ટ્રના પૂનાના અભિષેક યાદવ અને સચિન બિરાદાર તરીકે થઈ છે. બંનના મૃતદેહોને લીમખેડા ખાતે ખસેડવામાં આવ્યા છે. જ્યારે સારવાર દરમિયાન મૃત્યુ પામેલા ચાલકના મૃતદેહને દાહોદ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. આમ, આ ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા સાથે મૃતકોના પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

**અમે ટ્રેક્ટરથી બાંધીને લાશોને બહાર બહાર કાઢી**

મધરાતે કારનો અકસ્માત થતાં આજુબાજુના લોકો ભેગા થઇ ગયા હતા. જેમણે પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જે બાદ વહેલી સવારે સ્થળ પર ભેગા થયેલા સ્થાનિકો વીડિયોમાં જણાવી રહ્યા છે કે, અકસ્માત એટલો ગંભીર હતો કે લાઇટના થાંભલાના પણ ટુકડા થઇ ગયા છે. જ્યારે કારનું તો પડીકુ વળી ગયું છે. અમે રાત્રે ટ્રેક્ટરથી બાંધીને લાશોને બહાર કાઢી હતી."

**'કારનું એન્જિત 100 ફૂટ દુર જઇને પડ્યું'**

એક યુવક વીડિયોમાં જણાવી રહ્યો છે કે, કારના પાર્ટસ દુર દુર સુધી ખેતરોમાં ફેલાઇ ગયા છે. કારનું એન્જિત તો કારથી લગભગ 100 ફૂટ દુર જઇને પડ્યું છે. આ ઉપરાંત પડીકુ વળી ગયેલી કારમાંથી જે જગ્યાએથી મૃતદેહ બહાર કાઢ્યા ત્યાં પડેલા લોહીના ડાઘ જોઇને પણ અકસ્માતની ગંભીરતા સમજી શકાય છે."

દિનેશ શાહ લીમખેડા



### કાલોલ મોઢ સમાજની વાડીમાં મહિલા મંડળ દ્વારા હોળી રસિયાનુ આયોજન



(પ્રતિનિધિ) કાલોલ, તા.17

કાલોલમાં પ્રથમવાર મોઢ સમાજ ની વાડીમાં શ્રી દશા મોઢ વણિક જ્ઞાતિ પંચ તથા શ્રી દશા મોઢ મહિલા મંડળ દ્વારા તારીખ 16/ 02/ 26 ને સોમવારના રોજ બપોરે 4:00 કલાકે પાઠ સત્સંગ તથા રસીયાનો પાઠ મંડળની 300 બહેનોએ રશિયાનો લાભ લીધો હોળી રશિયાનો ખુબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. મહિલા મંડળના પ્રમુખ યોગીતાબેન શાહ દ્વારા તમામ મંડળની બહેનોનો આભાર માન્યો હતો.

### યાત્રાધામ પાવાગઢ ડુંગર ઉપર દીપડો દેખાતા ફફડાટ ફેલાયો, સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો



**હાલોલ :** યાત્રાધામ પાવાગઢ ખાતે તા.16 ફેબ્રુઆરી સોમવારના રોજ મોડી રાત્રે દીપડો દેખાતા ફફડાટ ફેલાયો હતો જ્યારે આ દીપડો પાવાગઢ ડુંગર પર આવેલ સાત કમાન વિસ્તારમાં દીપડો દેખાયો હોવાનું જાણવા મળ્યું છે જેને લઈને વિસ્તારમાં ભય નો માહોલ જોવા મળી રહ્યો છે જ્યારે આ દીપડો દેખાતા એક કાર ચાલકે કેમરા માં કેદ કર્યો હતો કાર માં બેઠેલા વ્યક્તિએ દીપડાનો વિડિઓ બનાવ્યો હતો જે હાલ સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે વાત કરી એ તો ભક્તો રાત દિવસ આ રસ્તે થી પાવાગઢ દર્શન કરવા જતા હોય છે જેને લઈને વિસ્તારમાં ભય નો માહોલ સર્જાયો છે જોકે આ બાબતની જાણ વન વિભાગ ને થતાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે

### દાહોદ શહેરમાં માસૂમ બાળકી સાથે થયેલી શારીરિક છેડતીની ઘટના

# પોલીસે છેડતી કરનાર આરોપીને કસ્બા વિસ્તારમાંથી ઝડપી લીધો

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ શહેરમાં માસૂમ બાળકી સાથે થયેલી શારીરિક છેડતીની ઘટનામાં દાહોદ પોલીસ દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. કસ્બા વિસ્તારમાં રહેતા સિદ્દીક ઉર્ફે કાલિયા નામના શખ્સે એક નાબાલિક બાળકી સાથે શારીરિક અડપલાં કરીને છેડતી કરી હતી. ઘટનાથી ગભરાયેલી બાળકીએ હિંમત દાખવી પોતાના પરિવારને સમગ્ર ઘટના જણાવી હતી. પરિવારજનો તરત જ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા મામલો ગંભીર સ્વરૂપ ધારણ કર્યો હતો. ફરિયાદના આધારે દાહોદ પોલીસે તાત્કાલિક ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. જિલ્લા પોલીસ તંત્રએ અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ બનાવી. ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસના સંયુક્ત પ્રયાસો તેમજ ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી સિદ્દીક ઉર્ફે કાલિયાનું લોકેશન ટ્રેસ કરી તેને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીને લઈને સ્થાનિક પ્રજામાં પ્રશંસા વ્યક્ત થઈ રહી છે.



### NMMS પરીક્ષામાં સુખસર તાલુકાના હિંગલા પ્રા.શાળાના 25 વિદ્યાર્થીઓ ઝળક્યાં

(પ્રતિનિધિ) સુખસર,તા.16

સુખસર તાલુકાના હિંગલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની પ્રતિષ્ઠિત NMMS પરીક્ષામાં ઝળહળતી અને ઐતિહાસિક સફળતા મેળવી સમગ્ર તાલુકા અને જિલ્લામાં ગૌરવ વધાર્યું છે.આ વર્ષે શાળાના કુલ 25 વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ માટેની પરીક્ષામાં સફળતા હાંસલ કરી છે. જેમાં પ્રથમ ક્રમાંક મેળવનાર કટારા ભૂમિનીબેન નિલેશકુમાર,દ્વિતીય ક્રમે આવનાર સંગાડા યામિનીબેન ગજેન્દ્રભાઈ, ભુરીયા ક્રિષ્નાબેન દિનેશભાઈ જ્યારે તૃતીય ક્રમે આવનાર કટારા હાર્દિક,ચોથા ક્રમે આવનાર નીતિન પામોળ, પ્રિતેશ કટારા, શિવરાજ ભાભોરના ઓએ અથાગ પરિશ્રમ, શિસ્ત અને દઢ નિશ્ચયથી મેળવેલ હોવાનું જાણવા મળે છે.

### ચલાલી ગામમાં બની રહેલા સરકારી દવાખાનાના કામમાં ભ્રષ્ટાચાર

# બાંધકામમાં વપરાતી રેતી હલકી ગુણવત્તાની હોવાની લોકચર્ચા



(પ્રતિનિધિ) કાલોલ, તા.16

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામમાં સરકારી દવાખાનું બની રહ્યું છે તેમાં ખરાબ માટી જેવી રેતી વાપરવામાં આવી રહી છે અને જ્યારનું કામ ચાલુ થયું ત્યારનું સમયસર પાણી પણ છાંટવામાં આવતું નથી કોન્ટ્રાક્ટરને વારંવાર કેહવાં છતાં પણ ગ્રામજનોની વાત સાંભળતા નથી કોન્ટ્રાક્ટર પોતાની મનમાની કરી કામ ચલાવે છે અને એન્જિનિયર કે અન્ય કોઈ અધિકારીઓ દ્વારા દેખરેખ રાખવામાં આવતી નથી જેથી સમયાંતરે ભ્રષ્ટાચાર ના પોપડા ખરી ના પડે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી છે.

### "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ"

# દાહોદ બસ સ્ટેન્ડ ખાતે "સ્પર્શ" રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ તાલુકાના અર્બન વિસ્તારમાં આવેલ દાહોદ બસ સ્ટેન્ડ ખાતે "સ્પર્શ" રક્તપિત્ત જનજાગૃતિ અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમ દ્વારા જનજાગૃતિ ફેલાવવામાં આવી. કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત, જિલ્લા રક્તપિત્ત અધિકારી ડૉ. આર.ડી. પહાડિયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ભગીરથ બામણીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો. આ અભિયાન અંતર્ગત દાહોદ બસ સ્ટેન્ડ માં ભવાઈના માધ્યમથી લેપ્રસી, ટીબી, મેલેરિયા, સિકલ સેલ અને એચ.આઈ.વી. જેવી બીમારીઓ અંગે જનસામાન્યમાં જાગૃતિ લાવવામાં આવી.



કાર્યક્રમમાં જિલ્લા રક્તપિત્ત મેડિકલ ઓફિસર ડૉ. શોભના મુનિયા, સુપરવાઈઝર, સી.એચ.ઓ., લેપ્રસી, ટીબી, મેલેરિયા સુપરવાઈઝર, સિકલ સેલ કાઉન્સેલર તેમજ અન્ય આરોગ્ય સ્ટાફ હાજર રહ્યા. ઉલ્લેખનીય છે કે 30 જાન્યુઆરીથી 13 ફેબ્રુઆરી દરમ્યાન "સ્પર્શ" જનજાગૃતિ અભિયાન અંતર્ગત હાટ બજાર, શાળા, કોલેજ સહિત વિવિધ સ્થળોએ પ્રચાર-પ્રસાર, પત્રિકા વિતરણ અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી લોકોને ગંભીર રોગો અંગે સમયસર માહિતી અને જાગૃતિ મળી શકે. આરોગ્ય વિભાગ દ્વારા "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ" ના સંદેશ સાથે અભિયાનને વ્યાપક બનાવવામાં આવી રહ્યું છે.

### સંજેલી-માંડલી રોડ પર ઓવરલોડ રેતી ભરેલા ડમ્પર વિરુદ્ધ કાર્યવાહના પગલે માફિયાઓ નારાજ

# "હું જોઈશ કેવી રીતે ઓવરલોડ ચાલશે" રેતી માફિયાની મામલતદારને ખુલ્લી ચેલેન્જ

દાહોદ : સંજેલી ખાતે માંડલી મુખ્ય માર્ગ પર મામલતદાર તંત્ર દ્વારા ઓવરલોડ રેતી ભરેલી બે ડમ્પર ગાડીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ગાડીઓ તેજગઢ તરફથી રાજસ્થાન લઈ જવાઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. કાર્યવાહી દરમિયાન એક ટ્રક ડ્રાઈવરે મામલતદારને ખુલ્લી ચેલેન્જ આપતા જણાવ્યું કે, "સંજેલીની રેતીની ગાડીઓ હવે કેવી રીતે ઓવરલોડ ચાલશે એ હું જોઈશ." આ પ્રકારની ધમકીભર્યા શબ્દો બાદ તંત્ર સામે રેતી માફિયાની હિંમત અંગે ચર્ચાઓ શરૂ થઈ છે. માહિતી મુજબ, કાર્યવાહી દરમિયાન એક ડમ્પર ગાડી જાહેર માર્ગ પર લોક થઈ જતા ટ્રાફિક જામ સર્જાયો હતો. ત્યારબાદ મિકેનિકને બોલાવી ગાડી ચાલુ કરાવી વજન કાંટે માપણી કરતાં રોયલ્ટી કરતા વધુ વજન હોવાની હકીકત સામે આવી હતી. પ્રાથમિક તપાસમાં ગાડી પાસે RC બુક, ડ્રાઈવિંગ લાયસન્સ, વીમા સહિત જરૂરી દસ્તાવેજો ન હોવાનું પણ બહાર આવ્યું છે.બંને ગાડીઓને મામલતદાર કચેરી ખાતે ખસેડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અગાઉ પણ ઓવરલોડ વાહનો પકડાયા હોવાના બનાવો સામે આવ્યા હતા, પરંતુ કાર્યવાહી અંગે સ્પષ્ટ માહિતી જાહેર ન થતા સ્થાનિક લોકોમાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. આ ઘટનાએ સ્પષ્ટ કર્યું છે કે રેતી માફિયા તંત્રને ખુલ્લા પડકાર ફેંકી રહ્યા છે અને કડક પગલાં લેવાની જરૂરિયાત વધુ તીવ્ર બની છે.

# સિંગવડ તાલુકામાં પેઢીનામાનું કામ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પાસે કરાવવા માંગ

સીંગવડ : સિંગવડ તાલુકામાં ઘણા વર્ષોથી પેઢીનામા નું કામ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓ નિકાળતા હતા પરંતુ હમણાં થોડાક સમયથી રેવન્યુ તલાટીને આ પેઢીનામાં ના કામો સોંપી દેવામાં આવતા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવે છે જ્યારે દાહોદ જિલ્લામાં ખાલી ત્રણ તાલુકામાં આ પેઢીનામાનું કાઢવાનું કામ રેવન્યુ તલાટી કરતા હોય છે અને જ્યારે બીજા તાલુકામાં તે જ કામ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કરતા હોય છે જ્યારે લીમખેડા તાલુકા ના મામલતદાર દ્વારા સરકારના મહેસુલ વિભાગના ગાંધીનગર ના પરિપત્ર ક્રમાંક

હકપ/102003/2727/4. 1/12/2003
2.હકપ/102014/756/4 14/5/2014
હકપ/102014/756/4. 20.9.2022

ધ્યાનમાં રાખીને 2003 ના ખેતી ની જમીન ની સીધી લીટીના વારસદાર પરિપત્ર કરી દેવામાં આવ્યો કે રેવન્યુ તલાટી ની જગ્યાએ ગ્રામ પંચાયતના તલાટીઓ જ પેઢીનામુ નીકાળે તો સિંગવડ તાલુકામાં પણ સરકારના નિયમ પ્રમાણે કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે મહુધા તાલુકાના ભુમસ ગ્રામ પંચાયત હસ્તકના સુકા નમી પડી ગયેલ ઝાડ નંગ.૧૫ ની જાહેર હરાજી તા. ૨૩/૦૨/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ભુમસ ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલ છે.રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા સમયસર સ્થળ પર હાજર રહેવું.

નોંધ : હરાજીમાં ભાગ લેવા રૂા.૫૦૦૦/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે. હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ. ભુમસ ગ્રામ પંચાયત
સરપંચ શ્રી કાળીબેન રમેશભાઈ પરમાર
તલાટી કમ મંત્રી શ્રી આશિષ શંભુભાઈ દેસાઈ
મુ.પો: ભુમસ,તા:મહુધા,જિ: ખેડા